RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 14, Issue : 309, Dt.19-02-2024 Monday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ભારતની બેન્કોમાં ૪૨૦૦૦ કરોડથી વધુ રકમ બિનવારસી

## આરબીઆઈના રિપોર્ટમાં થયો ચોંકાવનારો ખુલાસોઃ ૪૨ હજાર કરોડનો કોઈ દાવેદાર જ નથી, લોકો પોતાની બચતના નાણાં બેન્કમાં ભુલી જતાં અબજો રૂપિયા બિનવારસી પડયા છેઃ બિનવારસી ધન હવે ગ્રાહકને પહોંચાડશે આરબીઆઈનું પોર્ટલ ઉદગમ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારતની બેન્કોમાં ૪૨ હજાર કરોડથી વધુ રકમ બિનવારસી પડી છે, એટલે કે તેનો કોઈ દાવેદાર નથી. પોતાના નાણાકીય લક્ષ્યોને પુરા કરવા જરૂરી છે કે ખાતેદારે બેન્કોમાં જમા પૈસા અને અન્ય રોકાણોનો રેકર્ડ જરૂર રાખે. આંખો મિંચીને પોતાના પૈસા બચત અને રોકાણમાં ન લગાવે એવા અનેક કેસ બહાર આવ્યા છે જેમાં લોકો પોતાની બચત પણ ભુલી ગયા છે, જેના પરિણામે બેન્કોમાં અબજો રૂપિયા બેન્કોમાં બિનવારસી પડયા છે.



આ સનસનીખેજ રિપોર્ટ આરબીઆઈનો છે. સમજદાર ભારતીય જે પૈસા બચાવવા અને ખર્ચ કરવા પર જોર આવે છે. તેઓ બેન્કોમાં કેમ આટલા બધા પૈસા છોડી દે છે. એટલું જ નહીં, તેના બારામાં ભુલી પણ જાય છે.

આવો જ એક કિસ્સો બહાર આવ્યો છે જેમાં પુણેના એક સીનીયર સીટીઝને ૨૫ વર્ષની નોકરી દરમિયાન પોસ્ટઓફિસ અને અનેક બેન્કોમાં પૈસા જમા કર્યા હતા. સેવા નિવૃત બાદ તે પોતાના પુત્ર પર વધુ નિર્ભર હતા. દીકરાએ પિતાનું ફાયનાન્સ જોયું તો તેમાં તેના પિતાના અનેક નિષ્કીય બેન્ક ખાતાની જાણકારી બહાર આવી હતી.

આ કારણે ખોલાયા હતા અનેક ખાતાઃ વૃદ્ધે એટલા માટે વધુ ખાતા ખોલેલા કારણ કે તેના પર સંગઠનો-સંસ્થાઓની મજબૂરી હતી. આશંકા એવી પણ છે કે કર અધિકારીઓથી પૈસા છુપાવવા પણ અનેક ખાતા ખોલાયા હતા.

બિનવારસી ધન સુધી પહોંચાડશે આરબીઆઈનું પોર્ટલ 'ઉદગમ': બિનવારસી ધન સુધી પહોંચવા 'ઉદગમ' પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરાવવું પડશે. અહીં નામ કોન્ટેક્ટ ડિટેલ્સ સહિત અન્ય જરૂરી વિગતો ભરવી પડશે. બાદમાં બિનવારસી જમા રકમનો પતો લાગી શકશે. આ સુવિધા હાલ સાત બેન્કો-એસબીઆઈ, સીટી બેન્ક, સેન્ટ્રલ બેન્ક, ધનલક્ષ્મી બેન્ક, પીએનબી અને સાઉથ ઈન્ડીયન બેન્કમાં છે.

# કેજરીવાલે ઈડીનું છઠ્ઠુ સમન્સ ફગાવ્યુંઃ આજે હાજર થયા નહીં

## હવે મામલો સબ જયુડીશ્યલ ગણાવતા દિલ્હીના મુખ્યમંત્રી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દિલ્હીના શરાબકાંડમાં આજે પણ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટર સમક્ષ હાજર થયા નથી. કેજરીવાલને આજે તા.૧૯ના રોજ હાજર થવા માટે છઠ્ઠુ સમન્સ પાઠવાયું હતું પણ તેઓએ અગાઉના સમન્સમાં હાજર નહી થતા ઈડીએ તેમની સામે દિલ્હીની કોર્ટમાં કરેલી અરજી પેન્ડીંગ છે તેથી આમ આદમી પાર્ટીએ આ મામલો સબજ્યુડીશ છે તેવુંગણાવીને આજેકેજરીવાલ હાજર થશે નહી તેવી જાહેરાત કરી છે.



અગાઉ તા.૧૭ના રોજ કેજરીવાલે દિલ્હીની કોર્ટમાં હાજર થવાનુ હતું પણ તેઓએ વિધાનસભામાં વિશ્વાસમત હાંસલ કરવાનો છે તેવું જણાવી વર્ચ્યુઅલ ઉપસ્થિતિ નોંધાવી હતી અને નવી તારીખે તેઓ રૂબરૂ અદાલતમાં આવશે તેવી ખાતરી આપતા તેઓને રાહત મળી હતી.


જો કે આજે છઠ્ઠા સમન્સ છતા પણ કેજરીવાલ હાજર થયા નથી તેથી ઈડી શું પગલા લે છે તેના પર નજર છે. આમ આદમી પાર્ટી અગાઉ જ શરાબ કાંડ મુદ્દે ઈડીના સમન્સને ગેરકાનુની ગણાવી ચુકી છે અને જણાવ્યું હતું કે ઈડીએ પણ અદાલતના આદેશની રાહ જોવી જોઈએ.

# ઓડિસાના નવીન પટનાયક દેશના સૌથી લોકપ્રિય મુખ્યપ્રધાન

## ચોથા સ્થાને ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ૪૨.૬ ટકા રેટીંગ સાથે કબ્જો કર્યો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

લોકસભાની ચૂંટણી આવી રહી છે. દેશભરના મીડિયા હાઉસ દેશના લોકોનો મિજાજ જાણવા કામે લાગી ગયા છે અને વિવિધ સર્વેક્ષણો કરી લોકોને મજેદાર માહિતી પીરસી રહ્યા છે. તાજેતરમાં એક જાણીતા મીડિયા હાઉસે દેશના સૌથી લોકપ્રિય મુખ્ય પ્રધાન કોણ એ અંગે સર્વે હાથ ધર્યો હતો અને તેના તારણો બહાર પાડ્યા હતા.



આ સર્વે મુજબ ઓડિશાના નવીન પટનાયક દેશના સૌથી લોકપ્રિય મુખ્ય પ્રધાન છે . આ સર્વે દેશના મુખ્ય પ્રધાનોની લોકપ્રિયતા અને મંજૂરીના રેટિંગને માપવા માટે તૈયાર કરવામાં આવ્યો હતો. ક્નમૂડ ઓફ ધ નેશનઙ્ખસર્વે અનુસાર નવીન પટનાયકની લોકપ્રિયતા ૫૨.૭ ટકા હતી. ૫૧.૩ ટકા લોકપ્રિયતા રેટિંગ સાથે ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ બીજા સ્થાને છે. આસામના મુખ્ય પ્રધાન હિમંતા બિસ્વા સરમાએ ૪૮.૬ ટકા રેટિંગ મેળવ્યું હતું, જયારે ચોથા સ્થાને ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્રભાઇ પટેલે ૪૨.૬ ટકા રેટિંગ સાથે કબજો કર્યો હતો. ત્રિપુરાના મુખ્ય પ્રધાન માણિક સાહાએ ૪૧.૪ ટકાની પ્રશંસનીય લોકપ્રિયતા રેટિંગ હાંસલ કરી, તેમને પાંચમું સ્થાન પ્રાપ્ત કર્યું હતું..

સર્વેક્ષણના પરિણામો બાદ, ત્રિપુરાના લોકોએ મુખ્ય પ્રધાન માણિક સાહાના સમર્પણ, સાદગી અને તેમના નેતૃત્વમાં રાજય દ્વારા હાંસલ કરેલા વિકાસની પ્રશંસા કરી હતી. ત્રિપુરાના એક સ્થાનિક દુકાનદારે મુખ્ય પ્રધાનની પ્રશંસા કરતા કહ્યું હતું કે, 'ઈખ સાહા ખૂબ જ પ્રમાણિક છે, અને હંમેશા પાયાના સ્તરે કામ કરે છે. તે કોઈપણ પ્રકારની સમસ્યાના ઉકેલ માટે હંમેશા હાજર હોય છે,' તો કાશીપુરમાં એક દુકાનના માલિક દીપક દેબનાથે સીએમ સાહા હેઠળ રાજયની પ્રગતિ પર ખુશી વ્યક્ત કરી હતી, મુખ્ય પ્રધાન માણિક સાહાના નેતૃત્વમાં અમે ખૂબ સારી સ્થિતિમાં છીએ. તેમના માર્ગદર્શન હેઠળ, ત્રિપુરામાં દરેક વ્યક્તિ ધીરે ધીરે વિકાસ કરી રહી છે,ઙ્ઘ એમ દીપક દેબનાથ જણાવ્યું હતું.


ભાજપ સાથે જોડાયેલા અને ડેન્ટિસ્ટમાંથી રાજકારણી બનેલા માણિક સાહાએ માર્ચ ૨૦૨૩માં સતત બીજી મુદ્દત માટે મુખ્ય પ્રધાન તરીકે શપથ લીધા હતા. કોંગ્રેસ છોડીને ૨૦૧૬માં ભાજપમાં જોડાનાર ડેન્ટલ સર્જન માણિક સાહા માર્ચ ૨૦૨૨ માં રાજયસભામાં ચુંટાયા હતા.

# હવે IT સેક્ટરમાં મહિલાઓ માટે વધુ નોકરીઓ, ૪૧% લીડ થવાની અપેક્ષા છે

## ટેક્નિકલ ક્ષેત્રે મહિલાઓનું વર્ચસ્વ વધ્યુઃ સર્વેક્ષણ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશમાં IT ક્ષેત્રની ૪૧.૪% મહિલાઓ માને છે કે તેમના માટે નેતૃત્વની સારી તકો છે. જ્યારે ૨૩.૬% માને છે કે ITમાં મહિલાઓની નેતૃત્વ અને એક્ઝિક્યુટિવ ભૂમિકા વધશે. ટેલેન્ટ૫૦૦ દ્વારા દેશભરમાં આઈટી ક્ષેત્રે કામ કરતી ૩ હજારથી વધુ મહિલાઓના સરવેમાં આ વાત સામે આવી છે.



સરવે દર્શાવે છે કે ૯૦% મહિલાઓને લાગે છે કે ઈઝ કંપનીઓ અસમાનતાને દૂર કરવા માટે નક્કર પગલાં નથી લઈ રહી બીજી બાજુ ૭૦% મહિલાઓ માને છે કે IT ઉદ્યોગ માત્ર માર્કેટિંગ સાધન તરીકે વિવિધતા, ઇક્વિટી અને સમાવેશનો ઉપયોગ કરે છે. જોકે, IT ક્ષેત્રની મહિલાઓ લિંગ વિવિધતા માટે વૈશ્વિક સક્ષમતા કેન્દ્રો (GCC)ની પ્રતિબદ્ધતાને સ્વીકારે છે.

ઉચ્ચ હોદ્દા પર મહિલાઓનું માત્ર ૨૦% પ્રતિનિધિત્વ

૪૫% ને ઇન્ટરવ્યૂમાં લિંગ સ્ટિરિયોટાઇપ્સનો સામનો કર્યો.

૪૫% ને લાગ્યું કે સ્ત્રી હોવાને કારણે ભેદભાવ અને પૂર્વગ્રહ થાય છે.

૪૨% પગારમાં અસમાનતા અનુભવે છે.

૬૦% લોકો નિર્ણય લેવાની પ્રક્રિયામાં હાંસિયામાં ધકેલાઈ ગયેલા અનુભવે છે.30% એ તેમની ક્ષમતાઓને તેમના પુરુષ સાથીઓ કરતાં ઓછી મહત્ત્વની ગણાવી.

૭૫% લોકો નેતૃત્વની ભૂમિકાઓ માટે મહત્ત્વાકાંક્ષા વ્યક્ત કરતા હોવા છતાં માત્ર ૨૦% જ વરિષ્ઠ હોદ્દા પર રજૂ થાય છે.

કાર્ય-જીવન સંતુલન

૯૦% માનસિક સ્વાસ્થ્ય સંસાધનોની ઍક્સેસ ઇચ્છે છે.

૮૧% કારકિર્દી માર્ગદર્શન મેળવે છે.

૮૦% મૂલ્યની લવચીક કાર્ય વ્યવસ્થા અને કુટુંબ-મૈત્રીપૂર્ણ નીતિઓ ઈચ્છે છે.

૮૦% વિશેષ તાલીમની જરૂરિયાત પર ધ્યાન કેન્દ્રિત કરે છે, અપસ્કિલિંગમાં રસ ધરાવે છે.

GCC શું છેઃ હજારો વૈશ્વિક કંપનીઓએ વિશિષ્ટ ઉચ્ચ-કુશળ પ્રતિભાને ઍક્સેસ કરવા, વૃદ્ધિ અને નવીનતા વધારવા અને જોખમ ઘટાડવા માટે વૈશ્વિક ક્ષમતા કેન્દ્રો (GCC) ની સ્થાપના કરી છે. NASSCOM-GENOV ના રિપોર્ટ અનુસાર ભારતમાં ૨૦૨૨-૨૩ સુધીમાં ૧,૫૮૦ GCC હતા તેમાંથી ૧૬.૬૦ લાખ કર્મચારીઓ છે.

# વધુ પાંચ જણસ પર ટેકાના ભાવ આપવા કેન્દ્ર સરકારની ખેડૂતોને ઓફર

## એક પખવાડિયાથી ચાલી રહેલાં આંદોલનનો અંત લાવવા પ્રયાસ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

આગામી સમયમાં યોજાનારી લોકસભા ચૂંટણી પૂર્વે પંજાબ-હરીયાણામાં ચાલી રહેલા ખેડુત આંદોલનનો અંત લાવવા કેન્દ્ર સરકારે હાલ ટેકાના ભાવને કાનુની માન્યતા સમાન જ પ્રસ્તાવ મુકીને હવે નિર્ણય આંદોલનકારીઓ પર છોડયો છે. રવિવારે ફરી ચંદીગઢ પહોંચેલા કેન્દ્રીય વ્યાપાર મંત્રી સહિતના ત્રણ કેન્દ્રીય મંત્રીઓએ આંદોલનકારીઓ સાથે કરેલી વાટાઘાટમાં ચાર કૃષિ પાકો પર ટેકાના ભાવ મળવાની ઓફર કરી છે.



કેન્દ્ર તરફથી અપાયેલા પ્રસ્તાવ મુજબ સરકાર ઘઉં અને અન્ય ધાન્ય ઉપરાંત મસુર અડદ-મકાઈ અને કપાસમાં આ ટેકાના ભાવની ગેરેન્ટી આપવા તૈયાર છે. આ માટે ખેડુતો જે આ સીસ્ટમનો લાભ લેવા ઈચ્છતા હોય તેઓએ કેન્દ્રીય એજન્સીઓ સાથે પાંચ વર્ષનાં કરાર કરવાના રહેશે.

આ માટે સરકાર નેશનલ કોઓપરેટીવ કન્ઝયુમર્સ ફેડરેશન ઓફ ઈન્ડીયા (એનસીસીએફ) તથા નેશનલ કોઓપરેટીવ માર્કેટીંગ ફેડરેશન ઓફ ઈન્ડીયા (નાફેડ)ને જવાબદારી સુપ્રત કરશે. આજે આ અંગે ખેડુત સંગઠનોની બેઠક યોજાશે અને તેમાં કેન્દ્રનાં પ્રસ્તાવ પર વિચારણા કરીને જવાબ અપાશે.

લગભગ પાંચ કલાક ચાલેલી આ બેઠક બાદ આ આંદોલન ચાલુ રાખવા ખેડૂત સંગઠનોએ જાહેર કર્યું છે. સરકારનો દાવો છે કે કૃષિ પાકમાં વૈવિધ્યકરણની ખેડુતોને તેમની જમીન વધુ ઉપજાવ બનાવવાની તક મળે તથા યોગ્ય પાકથી વધુ ભાવ મેળવી શકે તે હેતુથી પ્રસ્તાવ આપવામાં આવ્યો છે.

# EDAએ Paytm પેમેન્ટ્સ બેંકને ક્લીન ચિટ આપીઃ Paytm ટ્રાન્ઝેક્શનની તપાસમાં FEMA હેઠળ કોઈ ઉલ્લંઘન જોવા મળ્યું નથી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટએ Paytm પેમેન્ટ્સ બેંક લિમિટેડના વ્યવહારોની તપાસમાં ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ હેઠળ કોઈ ઉલ્લંઘન મળ્યું નથી. ધ હિન્દુના એક રિપોર્ટમાં આ માહિતી આપવામાં આવી છે.



રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા અન્ય કેટલાક કેસોનું પાલન ન કરવાના કારણે કંપની વિરુદ્ધ કાર્યવાહી કરી શકે છે. EDએ આ સપ્તાહની શરૂઆતમાં પેટીએમ પેમેન્ટ્સ બેંક સામે પ્રાથમિક તપાસ શરૂ કરી હતી. EDની આ કાર્યવાહી આરબીઆઈએ પેટીએમની પેટાકંપનીને ૨૯ ફેબ્રુઆરીથી નવી થાપણો સ્વીકારવા પર પ્રતિબંધ મૂક્યાના થોડા દિવસો બાદ આવી છે. જો કે, હવે આરબીઆઈએ પેટીએમ પેમેન્ટ બેંકમાં ડિપોઝિટ અને અન્ય વ્યવહારો માટેની અંતિમ તારીખ ૧૫ માર્ચ સુધી લંબાવી છે.

૩૧ જાન્યુઆરીએ જારી કરાયેલા સર્ક્યુલરમાં આરબીઆઈએ કહ્યું હતું કે ૨૯ ફેબ્રુઆરી પછી પેટીએમ પેમેન્ટ બેંકના ખાતામાં પૈસા જમા નહીં કરી શકાય. આ બેંક દ્વારા વોલેટ, પ્રીપેડ સેવાઓ, ફાસ્ટેગ અને અન્ય સેવાઓમાં પૈસા જમા કરાવી શકાતા નથી.

EDને કંપનીના નાણાકીય વ્યવહારોની તપાસ કરવાની જવાબદારી સોંપવામાં આવી હતી. ED FEMA અને પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA) હેઠળ ઉલ્લંઘન અથવા ગુનાઓની તપાસ કરે છે.

અગાઉ, EDએ પેટીએમના વરિષ્ઠ અધિકારીઓની પૂછપરછ કરી હતી અને પેટીએમ પેમેન્ટ્સ બેંક સામે આરબીઆઈની કાર્યવાહી બાદ તેમની પાસેથી દસ્તાવેજો મેળવ્યા હતા.

રિપોર્ટમાં સૂત્રોને ટાંકીને કહેવામાં આવ્યું છે કે PPBL કેસમાં ડખક્અ શેડ્યૂલનો કોઈ ગુનો સામેલ નથી. તેથી મની લોન્ડરિંગની તપાસ થઈ શકે નહીં.

એક સરકારી અધિકારીએ કહ્યું, પજો કોઈ ગુનો આચરવામાં આવ્યો નથી, તો 'ગુનાની આવક'ની કોઈ પેઢી નથી. તેથી, PMLA લાગુ પડતું નથી. તેથી જ ED એ નક્કી કરવા માટે વ્યવહારોની તપાસ કરી કે FEMA જોગવાઈઓ હેઠળ કોઈ ઉલ્લંઘન થયું છે કે કેમ.

# સરકારે ડુંગળીની નિકાસ કરવાની છૂટ આપીઃગુજરાતના લાખો ખેડૂતોને ફાયદો, ૩ લાખ મેટ્રિક ટનની છૂટ અપાતાં ખેડૂતોને મોટી રાહત

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ડુંગળી પકવતા ખેડૂતો માટે મોટા સમાચાર આવ્યા છે. ડુંગળીની નિકાસને કેન્દ્ર સરકારે મંજૂરી આપી છે. નિકાસના આ નિર્ણયથી ગુજરાતના લાખો ખેડૂતોને ફાયદો થશે. કેન્દ્ર સરકારે ૩ લાખ મેટ્રિક ટન ડુંગળીની નિકાસને મંજૂરી આપી છે. ગૃહમંત્રી અમિત શાહ અને મનસુખભાઈ માંડવિયાની હાજરીમાં મળેલી બેઠકમાં આ નિર્ણય લેવાયો છે. સરકારના આ નિર્ણયથી ગુજરાત સહિત દેશભરના ડુંગળી પકવતા ખેડૂતોને ફાયદો થશે. ગત ૨૦૨૩ના વર્ષમાં એકાએક ડુંગળીના ભાવ આસમાને જતા કેન્દ્ર સરકારે ૩૧ માર્ચ, ૨૦૨૪ સુધી ડુંગળીના નિકાસ પર પ્રતિબંધ લગાવ્યો હતો. જે હવે હટાવી લેવામાં આવ્યો છે. ગયા વર્ષે ડુંગળીના ભાવમાં અચાનક તેજી આવી હતી. ડુંગળીના ભાવ એટલી હદે વધ્યા હતા કે, લોકો માટે ડુંગળી ખરીદવી મોંઘી બની હતી. ડુંગળીના ભાવ આસમાને ગયા હતા. જેને પગલે ડુંગળીના નિકાસ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. જેને કારણે ડુંગળીના ભાવ અંકુશમાં આવ્યા હતા. આ બાદ છેલ્લા કેટલાક સમયથી ખેડૂતોને ડુંગળીના પોષણક્ષમ ભાવ મળી રહ્યા ન હતા. જેને કારણે ખેડૂતોએ વિરોધ દર્શાવવાનું શરૂ કર્યુ હતું. ડુંગળીના પૂરતા ભાવ ન મળતા અનેક રાજ્યોમાં ખેડૂતો રસ્તા પર ઊતરી આવ્યા હતા. તો ખેડૂતોએ આત્મવિલોપનની ચીમકી પણ આપી હતી. જેને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકાર દ્વારા ડુંગળીના નિકાસને મંજૂરી આપવામાં આવી છે. સરકારના આ નિર્ણયથી ડુંગળી પકવતા ખેડૂતોમાં ખુશી વ્યાપી ગઈ છે.



દેશભરમાંથી ખેડૂતો ડુંગળી પરથી નિકાસનો પ્રતિબંધ હટાવવાની માંગ કરી રહ્યા હતા. આખરે સરકારે ખેડૂતોના હિતમાં આ નિર્ણય લીધો છે. સરકારના આ નિર્ણયથી ખેડૂતો ફરીથી નિકાસ કરી શકશે.

ડુંગળીના ભાવ આસમાને પહોંચ્યા હતા અને ખેડૂતો પાયમાલ થયા હતા ત્યારે ગોંડલ અને મહુવામાં ખેડૂતોએ નેશનલ હાઇવે બંધ કરીને ચક્કાજામ કરી ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યો હતો. લાલ ડુંગળીએ ખેડૂતોને રાતા પાણીએ રડાવ્યા હતા. એક બાજુ સરકારે ડુંગળીની નિકાસ બંધ કરતાં એક જ દિવસમાં ભાવમાં કડાકો થયો હતો. ડુંગળીની નિકાસ બંધ થતાં અનેક દિવસ બજારમાં હરાજી બંધ રહી હતી. આજે ડુંગળીની હરાજી ફરી શરૂ થતાં ભાવ ગગડી ગયા છે. ડુંગળીના ભાવ રાતોરાત ગગડી જતાં ખેડૂતોએ સરકાર સામે રોષ વ્યક્ત કર્યો હતો.

હરાજીમાં ડુંગળીના ભાવ ખેડૂતોને ના મળતાં ખેડૂતોએ પોતાની ડુંગળી નેશનલ હાઇવે પર નાખી દીધી હતી. ડુંગળી લઈને આવતા તમામ ખેડૂતો હાઇવે પર ઊતર્યા હતા. ત્યારબાદ હાઇવે પર વાહનો રોકીને ચક્કાજામ કર્યો હતો.

ગયા વર્ષે હવામાનના ચક્રમાં ફેરફારને કારણે ડુંગળીના ઉત્પાદનમાં મોટો ઘટાડો નોંધાયો હતો. ક્રોપ એન્ડ વેધર વોચ ગ્રૂપના જણાવ્યા અનુસાર ૨૦૨૧-૨૨માં સમગ્ર દેશમાં ૩.૭૬ લાખ હેક્ટર જમીનમાં ડુંગળીનું ઉત્પાદન કરવાનો લક્ષ્યાંક હતો. તેની સરખામણીમાં ડુંગળીનું વાવેતર માત્ર ૩.૨૯ લાખ હેક્ટરમાં થયું હતું.

નાસિક સહિત મહારાષ્ટ્રના ઘણા જિલ્લાઓમાં, જે ખેડૂતોએ ડુંગળીનું વાવેતર કર્યું હતું, કમોસમી વરસાદ અને અતિવૃષ્ટિએ તેમનો પાક બરબાદ થયો હતો. તેના કારણે ડુંગળીના પાકને લગભગ 40% નુકસાન થયું હતું. જ્યારે ૨0% ડુંગળીના પાકની ગુણવત્તા બગડી છે. બજારમાં ડુંગળીની અછતનું એક કારણ આ પણ હોવાનું કહેવાય છે.આ બધું હોવા છતાં, ભારતે નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં ૨૫.૨૫ લાખ ટન ડુંગળીની નિકાસ કરી હતી, જ્યારે તેણે ૨૦૨૧-૨૨માં ૧૫.૩૭ લાખ ટન અને ૨૦૨૦-૨૧માં ૧૫.૭૮ લાખ ટનની નિકાસ કરી હતી. ગયા વર્ષે ભારતે બાંગ્લાદેશ અને પશ્ચિમ એશિયામાં સૌથી વધુ ડુંગળીની નિકાસ કરી હતી. ડુંગળી વિદેશમાં ન જાય તે માટે સરકારે 40% સુધીની નિકાસ ડ્યૂટી લગાવી હતી. હવે તેમાં વધારો કરવામાં આવ્યો છે.

# મોરબી ડમ્પરની ટ્રોલી ઈલેક્ટ્રિક વાયરને અડી જતાં આગ લાગી




**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં હનુમાન મંદિર રોડ ઉપર લક્ષ્મી કાંટા પાસે ડમ્પરની ટ્રોલી ખાલી કરતાં ટ્રોલી તારમાં અડી જતાં આગ લાગવાની ઘટના બની હતી. ફાયર વિભાગે ઘટના સ્થળે પહોંચી આગ પર કાબુ મેળવ્યો હતો.

મળતી માહિતી અનુસાર, મોરબી ખોખરા હનુમાન મંદિર રોડ પાસે ટ્રોલીમાં આગ લાગવાની ઘટના સામે આવી હતી. હનુમાન મંદિર રોડ પાસે લક્ષ્મી કાંટા પાસે ડમ્પર ટ્રોલી ખાલી કરતા સમયે ટ્રોલી તારને અડી જતા આગ લાગવાની ઘટના બની હતી. જેની મોરબી ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસમાં કંટ્રોલરૂમમાં જાણ થતાં ફાયર ફાઈટર ઘટના સ્થળે પહોંચી આગને કાબૂમાં લીધી હતી અને સમગ્ર સદનસીબે જાન હાની ટળી હતી.

# ધ્રોલના ધ્રાંગડા ગામના પાટિયા પાસે મોટરમાં દારૂની કરાતી હેરફેર એલસીબીની ટીમે પકડી પાડીઃ મોટરમાંથી દારૂની ૨૪ બોટલ કબજે કરાઈ






**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર ધ્રોલના ધ્રાંગડા ગામના પાટિયા પાસે મોટરમાં દારૂની કરાતી હેરફેર એલસીબીએ પકડી પાડી છે. મોટરમાંથી દારૂની ૨૪ બોટલ કબજે કરાઈ છે. પકડાયેલા આરોપીએ અમદાવાદથી એક મહિલાએ દારૂ મોકલ્યાની કબૂલાત આપી છે.ધ્રોલ નજીકના ધ્રાંગડા ગામના પાટિયા પાસે મોટરમાં દારૂની હેરાફેરી થઈ રહી હોવાની બાતમી એલસીબીના હરદીપ બારડ, મયુરસિંહ, ઋષીરાજસિંહ વાળાને મળતા ઈન્ચાર્જ પીઆઈ બી.એન. ચૌધરીને વાકેફ કરાયા પછી પીએસઆઈ આર.કે. કરમટા, પી.એન. મોરીના વડપણ હેઠળ વોચ ગોઠવાઈ હતી.

તે દરમિયાન ધ્રાંગડા પાટિયા પાસેથી જીજે-૧-આરકે ૮૧૫ નંબરની મોટર પસાર થતાં તેને રોકાવી એલસીબીએ તલાશી લેતા મોટરમાંથી દારૂની ૨૪ બોટલ મળી આવી હતી. આ જથ્થા સાથે જામનગર તાલુકાના મોરાર સાહેબના ખંભાલીડા ગામનો જીતેન્દ્રસિંહ જુવાનસિંહ જાડેજા ઉર્ફે જેજે નામનો શખ્સ મળી આવ્યો હતો. તેની અટકાયત કરી પૂછપરછ કરાતા તેણે આ જથ્થો અમદાવાદના દિમીબેન ઉર્ફે દક્ષા ગોસ્વામીએ મોકલાવ્યો હોવાની કબૂલાત કરી છે. એલસીબીએ દારૂ, અઢી લાખની મોટર કબજે કરી બંને સામે ધ્રોલ પોલીસ સ્ટેશનમાં ગુન્હો રજીસ્ટર કરાવ્યો છે

# મોરબી-હળવદ હાઈવે ઉપર પોલીસની બોલેરો સાથે થયેલ અકસ્માતમાં બાઈક ચાલક આધેડનું સારવારમાં મોતઃ ફરિયાદ નોંધાઈ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં બે દિવસ પહેલા મોરબી-હળવદ હાઈવે ઉપર એક ફોર વ્હીલ કારની પાછળ પુરપાટ ઝડપે આવતી પોલીસ વિભાગની બોલેરો જીપે આગળની ફોર વ્હીલનો ઓવરટેક કરી બાઈક ચાલક આધેડ કે જેઓ રોડ ક્રોસ કરતા હોય તેને હડફેટે લેતા આધેડનું દોઢ દિવસની ટૂંકી સારવારમાં મોત નિપજતા હાલ મરણ જનાર આધેડના પુત્ર દ્વારા મોરબી તાલુકા પોલીસ મથકમાં પોલીસ ખાતાની બોલેરો જીપના ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.





સમગ્ર અકસ્માતના બનાવની મળતી માહિતી અનુસાર મૂળ ખરેડા ગામના વતની હાલ મોરબીના પીપળી ગામે માર્કો વિલેજ સોસાયટીમાં રહેતા ધવલભાઇ હિરાભાઇ રજોડીયા ઉવ-૨૪ એ આરોપી બોલેરો રજી. જીજે-૧૮-જીબી-૫૫૮૦ના ચાલક વિરુદ્ધ મોરબી તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી જાહેર કર્યું કે ગત તા. ૧૬/૦૨ના રોજ સવારના આશરે નવ વાગ્યાની આસપાસ ફરિયાદી ધવલભાઈના પિતા હીરાભાઈ બચુભાઈ રજોડીયા તેમની માર્કો વિલેજ સોસાયટી ખાતે આવેલ દુકાનેથી તેમનુ મો.સા રજી નંબર-જીજે-૦૩-બીજે-૮૫૦૫ વાળુ લઇ મોરબી તરફ જવા માટે રોડ ક્રોસ કરતા હતા ત્યારે મોરબી તરફથી આવતી ફોર વ્હીલ ગાડીની પાછળ આવતી પોલીસ ખાતાની બોલેરો જીપ રજી નંબર-જીજે-૧૮-જીબી-૫૫૮૦ ના ચાલક તેની બોલેરો ગાડી પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી આવી આગળ જતી ફોર વ્હીલ ગાડીને ઓવરટેક કરતા ફરીયાદીના પિતાના મો.સાયકલ સાથે અકસ્માત કર્યો હતો.

જે અકસ્માતમાં બાઈક ચાલક હીરાભાઈ બચુભાઈ રજોડીયાને માથાના ભાગે તથા જમણા પગના ભાગે ગંભીર ઈજા થતા પ્રથમ મોરબી સરકારી હોસ્પિ. બાદ ત્યાથી વધુ સારવાર માટે મોરબીની ખાનગી હોસ્પીટલ ખાતે સારવારમા દાખલ કરતા ત્યા તેમનું ટૂંકી સારવારમાં મૃત્યુ નિપજતા હાલ મરણ જનારના પુત્ર દ્વારા તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે ત્યારે પોલીસે પોલીસ ખાતાની બોલેરોના પોલીસ ચાલક વિરુદ્ધ ગુનો દાખલ કરી તપાસની તજવીજ શરૂ કરી છે.

# જામનગરના ગોકુલનગરમાં જુગાર રમતા છ શખસો ઝડપાયા

**મુખ્ય સમાચાર, જામનગર**




જામનગરના ગોકુલનગર વિસ્તારમાં સ્થાનિક ગુના શોધક શાખાએ દરોડો પાડી જુગાર રમતા છ શખસોને પકડી પાડી રોકડ,બાઇક અને વાહનો સહિત રૂા. ૧.૪૪ લાખથી વધુનો મુદામાલ કબજે કર્યો હતો.આ દરોડના પગલે ક્ષણિક અફડા તફડી મચી હતી.શહેરમાં સ્થાનિક ગુના શોધક શાખાના પીઆઇ બી.એન. ચૌધરીના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ પી.એન. મોરી અને આર.કે. કરમટાના નેતૃત્વમાં પોલીસ ટુકડી પેટ્રોલિંગ કરી રહી હતી જે વેળાએ પોલીસ ટીમને ગોકુલનગર વિસ્તારની રાધેક્રિષ્ના સોસાયટીમાં અમુક શખસો એકત્ર થઇ જુગાર રમતા હોવાની બાતમી મળી હતી જેના આધારે પોલીસે દરોડો પાડતા અડધો ડઝન શખસો જુગાર રમતા માલુમ પડયા હતા.આથી પોલીસે જેઠાભાઇ અરજણભાઇ ભારવાડીયા, રામદે પીઠાભાઇ કોટા, રણછોડ કાનાભાઇ મકવાણા, પરબત રણમલભાઇ ચેતરીયા, મનોજ ઉર્ફે મનસુખ રામજીભાઇ અને દિનેશ ચમનભાઇ ડાભીને પકડી પાડયા હતા.પોલીસે તમામના કબજામાંથી રૂ. ૫૮,૯૦૦ની રોકડ, બે બાઇક,છ મોબાઇલ સહિત રૂ. ૧,૪૪,૪૦૦નો મુદામાલ કબજે કર્યો હતો અને જુગારધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી હતી

# મોરબીમાં પત્નીનું ગળું દાબી હત્યા કરનાર પતિને આજીવન કેદની સજા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં વર્ષ ૨૦૨૦ માં જીનીંગ ફેક્ટરીની લેબર કોલોનીમાં રહેતા પતિએ પોતાની પત્ની ઉપર ખોટો વહેમ શક નાખી ઝઘડો કરી પત્નીનું ગળું દબાવી મોતને ઘાટ ઉતારી દેનાર પતિને મોરબી સેસન્સ કોર્ટે આજીવન કેદની સજા તથા રૂ.૫૦ હજારનો દંડ ફટકારતો ચુકાદો આપવામાં આવ્યો હતો.



સમગ્ર કેસની ટૂંક વિગત મુજબ મોરબીના રાજપર રોડ ઉપર આવેલ જયભવાની જીનીંગ ફેક્ટરીના લેબર ક્વાર્ટરમાં રહીને ફેક્ટરીમાં જ મજૂરી કામ કરતા ધુલારામ શાંતિલાલ પરમારે તેની પત્ની મનીષાબેન ઉપર ચારિત્ર્ય અંગે શંકા કરતો હોય ત્યારે ૨૨/૦૨/૨૦૨૦ના રોજ આ શંકાથી પ્રેરાઈ પોતાની પત્ની સાથે ઝઘડો કરી એકદમ આવેશમાં આવી મનીષાબેનનું ગળું દબાવીને હત્યા કરી નાખી હતી

ઉપરોક્ત હત્યાના બનાવનો કેસ મોરબી પ્રિન્સીપાલ જજની કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ વિજયકુમાર સી. જાની દ્વારા મૌખિક ૧૭ તથા દસ્તાવેજી ૨૯ પુરાવા રજુ કરાયા હતા તથા આ સાથે સરકારી વકીલ વિજયકુમાર સી. જાનીની ધારદાર દલીલોના અંતે કોર્ટ દ્વારા આરોપી ધુલારામ શાંતિલાલ પરમારને આજીવન કેદની સજા તથા રૂ.૫૦ હજારનો દંડ ફટકારતો આદેશ કરવામાં આવ્યો હતો.

# 'તેરા તુજકો અર્પણ' મોરબી સીટી એ.ડીવીઝન પોલીસ દ્વારા ૬૩ મોબાઈલ શોધી મૂળ માલિકને પરત કરાયા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથકના બાહોશ અને કાર્યદક્ષ પોલીસ ઈન્સ્પેક્ટર એચ.એન.જાડેજાની સૂચના અને માર્ગદર્શન હેઠળ મોરબી સીટી એ ડિવિઝન પોલીસ વિસ્તારમાં છેલ્લા એક વર્ષમાં ખોવાયેલા કુલ કિ.રૂ.આશરે ૧૧.૫૦ લાખના ૬૩ મોબાઇલ શોધી મૂળ માલિકને એકસાથે પોલીસ મથકમાં બોલાવી સુપરત કરવામાં આવ્યા હતા. ત્યારે ખોવાયેલ મોબાઇલ પરત મળતા આમ જનતાએ પોલીસની પ્રસંશીય કામગીરીના ખુલ્લે મને પ્રશંસા કરી પોલીસ ડિપાર્ટમેન્ટનો આભાર વ્યક્ત કર્યો હતો.

પોલીસ ઈન્સ્પેક્ટર એચ.એન જાડેજાએ પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું



કે મોરબી સીટી એ ડિવિઝન વિસ્તારમાં છેલ્લા એક વર્ષમાં ખોવાયેલા મોબાઇલ અંગેની અરજી જે તે સમયે સીટી એ ડિવિઝનમાં આપવામાં આવેલી હતી. ત્યારે સરકાર દ્વારા 'તેરા તુજકો અર્પણ' અંતર્ગત ઈઈઇછ વેબસાઈટ પ્રોજેક્ટ અમલમાં મુકવામાં આવ્યો છે. જેમાં કોઈ મોબાઇલ ખોવાય તો તે વ્યક્તિ મોબાઇલ બ્લોક કરાવી શકે છે. અને પોલીસ વિભાગ પણ આ વેબસાઈટના માધ્યમથી ખોવાયેલા મોબાઇલ શોધી સહજે છે. ત્યારે મોરબી સીટી એ ડિવિઝન દ્વારા આ CEIR વેબપોર્ટલ દ્વારા કુલ ૬૩ મોબાઇલ શોધી તેના મૂળ માલિકને પરત કરવામાં આવ્યા હતા.

વધુમાં પોલીસ ઈન્સ્પેક્ટર જાડેજા દ્વારા લોકોને સંદેશ આપવામાં આવ્યો હતો કે અત્યારે જે ખોવાયેલ મોબાઇલ લોકો લે છે તે બિલ વગરના લે છે તો દરેક લોકોને જણાવવાનું કે બિલ અથવા કોઈ આધાર પુરાવા વગરના કોઈ પણ નવા કે જુના મોબાઈલની ખરીદી કરવી નહિ.

# કાર્યકારણીની બેઠકમાં જોડાવવા જામનગરથી ભાજપના પદાધિકારીઓ દિલ્હીમાં

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેર-જિલ્લાના ભાજપના પદાધિકારીઓ, આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા છે.દિલ્હીમાં રાષ્ટ્રીય કાર્યકારીણીની બેઠક યોજાઈ રહી છે. જેમાં જામનગર શહેર-જિલ્લાના ભાજપના પદાધિકારીઓ, આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા છે. દિલ્હીના ભારત મંડપમમાં આજથી ભાજપની બે દિવસની રાષ્ટ્રીય કાર્યકારીની બેઠક યોજાઈ છે.જામનગરના સાંસદ પૂનમબેન માડમ,હહ મેયર વિનોદ ખીમસૂર્યા, ડેપ્યુટી મેયર ક્રિષ્નાબેન સોઢા, શહેર પ્રમુખ ડો. વિમલ કગથરા,




જિલ્લા પ્રમુખ રમેશભાઈ મુંગરા, ધારાસભ્યો દિવ્યેશ અકબરી, મેઘજીભાઈ ચાવડા, રિવાબા જાડેજા, જામનગરના પ્રભારી પલ્લવીબેન ઠાકર, અન્ય અગ્રણીઓ પણ આ બેઠકમાં ભાગ લેવા દિલ્હી પહોંચ્યા છે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડાએ માર્ગદર્શન આપ્યું હતું, જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી બેઠકમાં ઉપસ્થિત અને જરૂરી માર્ગદર્શન આપશે. ખાસ કરીને આગામી લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને બેઠકમાં ચર્ચા પણ થઈ રહી છે.

# જામનગર જિલ્લાના ખેડૂતો માટે ''મિશન મધમાખી યોજના'' અંતર્ગત તાલીમ સત્રનું આયોજન કરાયું

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જામનગર, જુનાગઢ કૃષિ યુનિવર્સીટી અને નાયબ બાગાયત નિયામકની કચેરી, જામનગર દ્વારા મિશન મધમાખી યોજના કાર્યક્રમ અંતર્ગત બે દિવસીય તાલીમ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. જામનગર જિલ્લાના ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ ક્ષેત્રમાં માર્ગદર્શન મળી રહે અને મધમાખી પાલન : એક સફળ વ્યવસાય થીમને ધ્યાનમાં રાખીને સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.કાર્યક્રમમાં મધમાખી ઉછેર, રાણી મધમાખીનો ઉછેર, મધમાખી પાલન દરમ્યાન લેવાની થતી કાળજીઓ અને તેની માવજત, મધમાખીના પરજીવી અને પરભક્ષીઓ તથા તેનું નિયંત્રણ, બાગાયત ખાતાની વિકાસલક્ષી યોજનાઓ વિષે ઉપસ્થિત




સર્વેને માહિતગાર કરવામાં આવ્યા હતા. તેમજ કે.વી.કે.જામનગર ફાર્મના નિર્દેશન એકમોની મુલાકાત લેવામાં આવી હતી. તેમજ જોડિયા તાલુકાના સફળ મધુપાલક મેહુલભાઈ ભીમાણી અને નરેશભાઈ ગાંગાણીએ મધમાખી ઉછેરમાં ધ્યાનમાં રાખવાની બાબતો, મધમાખી પાલનના અનુભવો અને મધમાખી પેટી નિદર્શન વિષે સર્વેને જાણકારી આપી હતી. કાર્યક્રમની શરુઆત મંચસ્થ મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવી હતી. મહેમાનોનું સ્વાગત નાયબ બાગાયત નિયામક એ.એમ.દેત્રોજાએ કર્યું હતું. કાર્યક્રમના અંતે લાભાર્થીઓને સર્ટીફીકેટ વિતરણ અને આભાર વિધિ મદદનીશ બાગાયત નિયામક એચ.બી.પટેલ દ્વારા કરવામાં આવી હતી. ઉકત સમારોહમાં સંયુકત બાગાયત નિયામક

આર.એચ.લાડાણી, ડો.કે.પી.બારૈયા, બાગાયત અધિકારી વી.એચ.નકુમ,ડો.વી.સી.ગઢિયા, કર્મચારીગણ અને બહોળી સંખ્યામાં ખેડુતો અને લાભાર્થીઓ હાજર રહ્યા હતા. તેમ નાયબ બાગાયત નિયામકની કચેરી, જામનગરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# મોરબીમાં ડો.બાબાસાહેબ આંબેડકર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા પ્રથમ સમુહ લગ્નોત્સવ યોજાયો





**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં રોહીદાસપરામાં વિજયનગર પાસે ભીમરાવનગરમાં આવેલ ડો.બાબા સાહેબ આંબેડકર પ્રા. વિદ્યાલય ખાતે ડો.બાબાસાહેબ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા નિ:શૂલ્ક શિક્ષણના લાભાર્થે પ્રથમ સમૂહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૫ દીકરીઓ પ્રભુતામાં પગલાં માંડ્યા હતા. આ વેળાએ દીકરીઓને કરિયાવર પેટે સોના-ચાંદીના દાગીના સહિત અનેક વસ્તુઓ આપી ધામધૂમથી સાસરે વળાવવામાં આવી હતી. આ પ્રસંગે સમૂહલગ્નમાં દાન આપનાર દાતાઓનું તથા ઉપસ્થિત રહેનાર સામાજિક-રાજકીય આગેવાનોનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. સમુહલગ્નમાં ડો.બાબાસાહેબ આંબેડકર પ્રાથમિક શાળાના આચાર્ય ભરતભાઇ ભીખાભાઈ લોહિયા ૧૫ યુગલોને બંધારણનુ પુસ્તક આપી તેનુ મહત્વ સમજાવ્યુ હતુ. આ તકે ઉપસ્થિત રહેલા જાન પક્ષ, માંડવા પક્ષના મહેમાનો તેમજ આમંત્રિત મહેમાનો અને શાળા પરીવારે આ પહેલને બીરદાવી અને આચાર્ય ભરતભાઇ ભીખાભાઇ લોહિયાને અભિનંદન પાઠવ્યા હતા.

# રાજુલાના ડુંગર પોલીસ સ્ટેશન ખાતે પીએસઆઈ કે.જી. મૈયાની નિમણૂક કરાઈ

**મુખ્ય સમાચાર, ઈલ્યાસ કલાણીયા**

**રાજુલા:** રાજુલા તાલુકાના ડુંગર પોલીસ સ્ટેશન ખાતે નવનિયુક્ત પીએસઆઇ કે.જી. મૈયાની નિમણૂક કરવામા આવી છે તેઓ અમરેલી પેરલ ફર્લો સ્કોડ ખાતે નિષ્ઠાપૂર્વક ફરજ બજાવી હતી અને ત્યારબાદ તેઓની ડુંગર પોલીસ સ્ટેશન ખાતે બદલી કરવામાં આવી હોય ત્યારે તેમની નિમણૂક થતાં ગામના આગેવાનો-અગ્રણીઓ અને વેપારીઓ દ્વારા નવ નિયુક્ત પીએસઆઇને અભિનંદન પાઠવ્યા હતા અને ઉલ્લેખનીય છે કે પી એસ આઇ હાજર થતા જ ગામમાં કાયદો વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે માટે ફૂટ પેટ્રોલિંગ અને નજીક માંજ આવેલ ડોળિયા ગામે વિલેજ વિઝીટ દરમ્યાન લોકોને સાયબર ક્રાઇમ વિશે માહીતી અને પત્રિકાઓનું પણ વિતરણ કરવામાં આવ્યુ હતું તેમજ ટ્રાફિક અવેરનેસ અંગે માહીતી આપી હતી અને ગામમાં સીસીટીવી કેમેરા લગાવવા અંગે ઉપસ્થિત લોકોને જાગૃત કરાયા હતા



# ઉના ગીર ગઢડા કોળી સેના દ્વારા આયોજીત દ્વિતિય સમૂહ લગ્નોત્સવમાં ૧૮ દિકરીઓએ પ્રભુતામાં પગલાં પાડયાં




**મુખ્ય સમાચાર, અબ્દુલ પઠાણ**

**ઊના:** ઉના નાં સાહ. એસ. ડી. સ્કૂલ ખાતે ઉના ગીર ગઢડા સમસ્ત કોળી સમાજ કોળી સેના દ્વારા દ્વિતિય સમૂહ લગ્નોત્સવ નું આયોજન કરવામાં આવ્યું. જેમાં ૧૮ દિકરીઓ એ પ્રભુતામાં પગલાં પાડયાં.

આજે ઉના શહેરમાં ઉના ગીર ગઢડા સમસ્ત કોળી સમાજ કોળી સેના દ્વારા ભવ્ય સમુહ લગ્નોત્સવ નું આયોજન કરવામાં આવ્યું જેમાં રાજકીય બિન રાજકીય આગેવાનો હાજર રહ્યા. માનનીય મંત્રી શ્રી મસ્ત્ય ઉદ્યોગ પરસોત્તમ સોલંકી , દીકરા દિવ્યેશભાઈ હાજર રહ્યા તથા રાજુલા તાલુકાના ધારાસભ્ય હીરાભાઈ સોલંકી , ઉના તાલુકાના પૂર્વ ધારાસભ્ય પૂંજા ભાઇ વંશ હાજર રહ્યા હતાં. નવાબંદર જિલ્લા પંચાયત સદસ્ય શ્રી હરિભાઈ બોઘાભાઈ સોલંકી થતા નાલિયા માંડવી ગામના સરપંચના પ્રતિનિધિ અને મુસ્લિમ સમાજના આગેવાન રફિકભાઈ સુમરા તેમજ વેપારી અગ્રણી શ્રી અબાસ ભાઇ સુમરાણી તેમજ સમગ્ર આયોજન જુનાગઢ જિલ્લા ગીર સોમનાથ જીલ્લા કોળી સેના પ્રમુખ દીપાબેન બાભણીયા મનોજભાઈ બાભણીયા મહેકભાઈ બાભણીયા અને સર્વે કોળી સેના તાલુકા પ્રમુખ શહેર પ્રમુખ અને સમગ્ર કાર્યકર્તા અને કોળી કાર્યકર્તાઓ હાજર રહ્યા અને આ ભવ્ય અને દિવ્ય સમુહ લગ્ન નો આયોજન કરવામાં આવ્યું હતું

# મનપાનું નવા વર્ષનું અંદાજપત્ર સામાન્ય સભામાં મંજૂર

## સ્ટેન્ડીંગ કમિટી દવારા રજૂ કરાયું બજેટ શહેરની જનતાને ગેરમાર્ગે દોરનારું તેમજ ખોટી આંકડાકીય માયાજાળ વાળુઃભાનુબેન સોરાણીઃ વર્ષ ૨૦૨૪-૨૫નું કરવેરા વગરનું અંદાજપત્ર સંપૂર્ણ વિકાસલક્ષીઃ મેયર નયનાબેન પેઢડીયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાનું નવા નાણાક્યિ વર્ષ ૨૦૨૪-૨૫નું બજેટ આજે સામાન્યસભા સમક્ષ મૂકાયું હતુ જેને મેયરની અધ્યક્ષતાવાળા જનરલ બોર્ડે મંજૂરી આપી હતી. આજે બજેટ મંજૂરી અંગેની સામાન્યસભા મળી હતી. જેમાં રૂ.૨૮૪૩.૫૨ કરોડનું નવા વર્ષનું બજેટ રખાયું હતું. મેયર નયનાબેન પેઢડીયાના અધ્યક્ષતામાં મળેલી આ સામાન્યસભામાં શાસકપક્ષના તમામ નગરસેવકોએ બજેટને વિકાસલક્ષી અને કરવેરા વિહોણું જણાવી સ્ટેન્ડીંગ કમીટીને અભિનંદન પાઠવ્યા હતા.

જોકે કોંગ્રેસ પક્ષના નગરસેવિકા ભાનુબેન સોરાણીએ અંદાજપત્ર વિશે પોતાનો પ્રતિભાવ આપતા જણાવ્યું હતુ કે સ્ટે.ચેરમેન જયમીન ઠાકર દવારા રજૂ કરાયેલા બજેટમાં રાજકોટની જનતાને ગેરમાર્ગે દોરી છેતરવાનો પ્રયાસ કરાયો છે. આ બજેટ જયમીન ઠાકર દવારા પ્રથમવાર રજૂ કરાયું છે. જેથી થોડું કાચું કપાયું હોય તેવું લાગી રહ્યું છે. પરંતુ કોંગ્રેસ પક્ષ ખેલદિલી દાખવી અંદાજપત્રને મંજૂરી આપે છે. તેઓએ એ વાતનો ઉલ્લેખ ક્ર્યો કે ભવિષ્યમાં શહેરનો વિકાસનો રોડમેપ નક્કી કરાયો નથી. બજેટ દિર્ઘદ્રષ્ટિ વગરનું છે. તેવું લોકમુખે ચર્ચાય રહ્યું છે. મહેસૂલી આવકનો નોંધપાત્ર વધારો કરવા સ્ટેન્ડીંગ કમિટીને ભલામણ કરાઈ છે પરંતુ તે વાતને ધ્યાનમાં લેવાતી નથી. વધુમાં શહેરમાં પાણી વિતરણ બાબતે મનપા તંત્ર અને શાસકો વચ્ચે સંકલનના અભાવે શહેરીજનો મુશ્કેલીમાં મૂકાયા છે. જલ્દીથી આનો ઉકેલ લાવે તે માટે ભગવાન રામને પ્રાર્થના આપેલા ભાનુબેને પોતાના ઉદબોધનની શરૂઆત જયશ્રી રામના નારાથી કરતા શાસક પક્ષના સભ્યોએ પાટલી થપથપાવી અભિવાદન ક્ર્યું હતું. તેઓએ જણાવ્યું કે ગત.૩૦ નવેમ્બરે ફક્ત ૩૬ ટકા બજેટ જ ઉપયોગમાં લેવાયું હતું. આ વર્ષે શાસક પક્ષ ભાજપ દવારા તમામ ૨૮૪૩ કરોડનું બજેટ લોકોના વિકાસઅર્થે ઉપયોગમાં લેવામાં આવે તેવી આશા છે.


(તસ્વીરઃ આનંદ જાવિયા)

સામાન્યસભાની શરૂઆતમાં સ્ટેન્ડીંગ ચેરમેન જયમીન ઠાકરે નવા વર્ષમાં શહેરના વિકાસ અર્થે કઈ કઈ યોજના બજેટમા આવરી લેવાઈ છે. તે વિશે માહિતી આપી હતી. સાથે સાથે મનપાના ૫૦ વર્ષના ઈતિહાસમાં પાંચ વર્ષને બાદ કરતા ભાજપે મનપામાં શાસન ક્ર્યું છે. તેવું જણાવી સ્વ.અરવિંદભાઈ મણિયારથી લઈ હાલના મેયર નયનાબેન પેઢડીયાની આગેવાનીમાં શહેરનો વિકાસ વધ્યો છે. જયમીન ઠાકર દવારા પોતાના ભાષણ દરમિયાન શેરશાયરીનો ઉપયોગ પણ કરાયો હતો.

સામાનયસભામાં શાસક પક્ષના ડો.પ્રદિપ ડવ, સુરેન્દ્રસિંહ વાળા,કેતન પાંભર, રાજેશ્રીબેન ડોડીયા તેમજ નરેન્દ્ર ડવ સહિતના કોર્પોરેટરોએ ભાજપના શાસનમાં શહેરની વિકાસયાત્રાના વખાણ ક્ર્યા હતા. સાથે સાથે દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ તેમજ પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર.પાટીલ દવારા જે નાણાકીય તેમજ રાજકીય સહયોગ અપાઈ રહયો છે. તેને બિરદાવામાં આવ્યો હતો. અધ્યક્ષાસ્થાનેથી મેયર નયનાબેન પેઢડીયાએ બજેટને સંપૂર્ણ વિકાસલક્ષી અને પ્રજાલક્ષી જણાવી સ્ટેન્ડીંગ કમિટીને આ બજેટ રજૂ કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

આજના જનરલ બોર્ડમાં નગરપ્રાથમિક શિક્ષણ સમિતિના વર્ષ ૨૦૨૪-૨૫ના અંદાજપત્રને મંજૂર કરવા સહિત કુલ ૧૨ દરખાસ્ત મૂકાઈ હતી. જેને લીલીઝંડી અપાઈ હતી. આજની બેઠકમાં મ્યુ.કમિશનર આનંદ પટેલ, નાયબ મ્યુ.કમિશનર સ્વપનિલ ખેર સહિતના અધિકારીઓ, નગરસેવકો તેમજ મનપાના કર્મચારી ઉપસ્થિત રહ્યા હતા.

# હોટલ ખાતે જીતનું સેલિબ્રેશન કરતી ટીમ ઈન્ડિયા


(તસ્વીરઃ આનંદ જાવિયા)

**રાજકોટ ટેસ્ટમાં ભારતે ઐતિહાસિક વિજય હાંસલ કર્યો હતો. મેચ ખત્મ થયા બાદ ટીમ ઈન્ડિયા હોટલ પર પહોંચી ત્યારે રાસ-ગરબાની રમઝટ સાથે અભુતપૂર્વ સ્વાગત કરવામાં આવ્યું હતું. આ વખતે ટીમ ઈન્ડિયા એકદમ હળવા મુડમાં હતી અને ખેલાડીઓ ખુશમિજાજ દેખાયા હતા. હોટલમાં પણ કેક કાપીને સેલીબ્રેશન કર્યુ હતું.**

# ગોપાલ પાર્કમાં ઈકો ગાડીમાં ૩૮૪ બોટલ દારૂ સાથે બે બુટલેગર ઝડપાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના મવડી મેઈન રોડ પર આવેલ અંકુરનગર મેઈન રોડ પર ગોપાલ પાર્ક શેરી નં.૫માંથી ક્રાઈમ બ્રાંચના પીએસઆઈ એ.એન. પરમાર, હેડ કોન્સ. યુવરાજસિંહ સહિતના સ્ટાફે ઈકો કારમાં નીકળેલો પ્રતિક ઉર્ફે કાળીયો અરવિંદ પરમાર અને મુસ્તાકીન ઉર્ફે મુસ્તાક કરીન નોયડા નામના બે શખ્સોને દબોચી લઈ ઈકો કારની તલાસી લેતાં ૩૮૪ બોટલ વિદેશી દારૂ મળી આવતાં પોલીસે કાર સહિત રૂા.૪.૨૩ લાખનો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.



# પોરબંદર નેશનલ હાઈવે પર ઈસરાના પાટીયા પાસે કારખાનેદારો દ્વારા જનતા રેડ કરી દેશી દારૂના વેચાણ પર ઘોષ બોલાવી

## ઘણા સમયથી બેફામ વેચાતા દેશી દારૂના અડ્ડા અને અસહ્ય ત્રાસને લઈને કારખાનેદારો આવ્યા મેદાનેઃ અનેક વખત બંધ કરાવવા માટેની રજૂઆતો અને ફરિયાદ કરવા છતાં કોઈ નિવેડો નહીં આવતા જનતા રેડ કરાઈ



**મુખ્ય સમાચાર, કાનભાઈ સુવા**

ઉપલેટાના પોરબંદર નેશનલ હાઈવે પર ઇસરા ગામના પાટીયા પાસે સ્થાનિક કારખાને દારૂ દ્વારા જનતા રેડ કરી દેશી દારૂનો વેપલો ઝડપી પાડ્યો હોવાનું સામે આવ્યું છે. અહિયાં સ્થાનિક કારખાનેદારોએ આખરે જનતા રેડ કરી દેશી દારૂનો વેપલો ઝડપી લીધેલ અને જનતા રેડ બાદ પોલીસને જાણ કરતા પોલીસ પણ અંતે દોડી આવી હતી અને આ મામલાની અંદર બે વ્યક્તિઓની અટકાયત કરી અને આગળની કાર્યવાહી હાથ ધરી છે. આ રેડ બાદ કારખાનેદારો દ્વારા એકત્રિત થઈ અને દેશી દારૂના ચાલતા વેપલાને કાયમી બંધ કરાવવા માટે ઉપલેટા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટરને લેખિત રજૂઆત કરી છે અને કાયમી દેશી દારૂનો વેપલો અને દૂષણ બંધ કરાવવા માટેની ધારદાર રજૂઆત કરી હોવાનુ પણ સામે આવ્યુ છે.

દેશી દારૂના કારણે કારખાનેદારના મજૂરો સાથે અનેક પ્રકારની ઘટનાઓ બનતી હતી જેમાં ઝઘડાઓ થવા તેમજ નશાની હાલતમાં મજૂરોના અકસ્માત તેમજ મારામારી અને અકસ્માતે મોત થવાની ઘટનાઓ બની રહી હોય જેને લઈને કારખાનેદારો દ્વારા અનેક વખત રજૂઆતો કરીને દેશી દારૂનો વેપલો બંધ કરવા માટેની રાવ કરી હતી પરંતુ જવાબદાર પોલીસ તંત્ર દ્વારા યોગ્ય કાર્યવાહી કે કામગીરી નહીં થતાં અને દેશી દારૂના વેપલો અને દાદાગીરીઓ વધવા પામી હતી અને અહિયાં ખુલ્લેઆમ દેશી દારૂનું વેચાણ શરૂ રહેતા આખરે કારખાનેદારોએ એકત્ર થઈ દેશી દારૂ પર જનતા રેડ કર્યા બાદ કારખાનેદારો દ્વારા પોલીસને જાણ કરતા રેડના ઘણા સમય બાદ અંતે પોલીસ આવી હતી અને બે વ્યક્તિઓ તેમજ મુદ્દામાલ કબજે કરી ઝડપાયેલા વ્યક્તિઓની અટકાયત કરી પોલીસ સ્ટેશનને લગાયા હોવાનુ સામે આવ્યું હતું.

આ અંગે ઉપલેટા પોલીસ સ્ટેશનનો ટેલિફોનિક સંપર્ક કરતાં પી.એસ.ઓ. વી.બી. રાખસિયા દ્વારા જણાવવામાં આવ્યું છે કે, ઉપલેટા કારખાનેદાર દ્વારા પાડવામાં આવેલ જનતા રેડ બાદ ઉપલેટા પોલીસ દ્વારા દેશી દારૂના જથ્થા સાથે અટકાયત કરેલ દીપકભાઈ હેમુભાઈ પરમાર તેમજ બાબુભાઈ પોપટભાઈ મીઠાપરા નામના બન્ને વ્યક્તિઓ સામે ગુનો નોંધવામાં આવ્યો છે અને આ મામલે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ઉપલેટા એસ.ટી. ડેપો મેનેજર સહિત ત્રણને બેદરકારીના કારણે જૂનાગઢ ડી.સી. ઓફિસ દ્વારા સસ્પેન્ડ કરી દેવાયા

## ઉપલેટા-અમદાવાદ રૂટની એસ.ટી. બસનું વિરપુર નજીક ટાયર નીકળી જવાના પ્રકરણમાં સસ્પેન્ડ કરાયા હોવાનું કારણ દર્શાવાયું

**મુખ્ય સમાચાર, કાનભાઈ સુવા**

**ઉપલેટાઃ** જુનાગઢ એસ.ટી. ડિવિઝલ હેઠળ આવેલ ઉપલેટા એસ.ટી. ડેપોની ઉપલેટા-અમદાવાદ રૂટની બસનું ગત દિવસે વીરપુર નજીક ટાયર નીકળી જવાના બનાવની અંદર જુનાગઢ એસ.ટી. ડિવિઝનના અધિકારી દ્વારા ઉપલેટાના એસ.ટી. ડેપો મેનેજર રાજેશ ઠુમ્મર સહિત કુલ ત્રણ વ્યક્તિઓને આ બાબતમાં તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા હોવાનું સામે આવ્યું છે ત્યારે ઉપલેટા ડેપોના એક સાથે ત્રણ જેટલા વ્યક્તિઓને સસ્પેન્ડ કરી દેવાની બાબતને લઈને ખળભળાટ મચી ગયો હોવાનું પણ સામે આવ્યું છે.



આ અંગેની પ્રાપ્ત વિગતો અનુસાર વીરપુર પાસેના પીઠડીયા ટોલ પ્લાઝા પાસે ઉપલેટા ડેપોની એસ.ટી. બસનું પાછળનુ એક ટાયર નીકળી ગયુ હતું જેમાં ચાલુ બસે પાછળના જોટા માંથી એક ટાયર નીકળી જતા બસમાં બેઠેલા મુસાફરોના જીવ તાળવે ચોટયા હતા અને બૂમાબૂમ શરૂ થઈ ગયું હતી. ઉપલેટા-અમદાવાદ રૂટની એસ.ટી. બસ ઉપલેટાથી અમદાવાદ તરફ જતી હતી ત્યારે રસ્તામાં હાઈવે પર બસનું પાછલું ટાયર ચાલુ બસે અચાનક નીકળ્યું અને એસટી તંત્રના નસ્ત્રસલામત સવારી એસ.ટી. અમારીસ્ત્રસ્ત્ર ના દાવાઓ પોકળ સાબિત થયા હતા.

ઉપલેટા ડેપોની ઉપલેટા અમદાવાદ રૂટની બસનું પાછલા જોટાનું ટાયર અચાનક નીકળી જતા બસમાં બેઠેલા મુસાફરોએ વીડિયો સોસિયલ મીડિયા વાયરલ કર્યો હતો અને આક્ષેપો કર્યા હતા કે આ અગાઉ પણ ઉપલેટા ડેપોની બસનું પાછળનું ટાયર ટોલનાકાના પાસે નીકળી ગયું હતું અને ત્રણ વખત ઉપલેટા ડેપોની એસ.ટી. બસના ટાયર નીકળી જવાના બનાવ બન્યા હતા ત્યારે ફરી એકવાર ટાયર નીકળી જતા મુસાફરોના જીવ જોખમમાં મુકાયા હતા. બનાવ સમયે બસની ધીમી સ્પીડ અને ડ્રાઇવરની સમય સૂચકતાને કારણે સદનસીબે કોઈ જાનહાની નહીં થઈ ન હતી અને બસમાં બેઠેલા મુસાફરોના જીવ બચ્યા હતા.

આ અંગે જુનાગઢ એસ.ટી. ડિવિઝનના ડી.સી. મુકેશ રાવલ દ્વારા ટેલિફોનિક માહિતી આપતા જણાવ્યું હતું કે, આ પ્રકારની ઘટના અગાઉ પણ બનેલ હતી ત્યારે વારંવાર આ પ્રકારની ઘટના બનતા અને મુસાફરોની સલામતીને ધ્યાનમાં લેતા સસ્પેન્ડ કરી દીધા છે તેવું જણાવ્યું છે ત્યારે વીરપુર પાસે બનેલા આ બનાવ બાદ જુનાગઢ વિભાગીય નિયામક એસ.ટી. ડિવિઝનના અધિકારી દ્વારા આ બાબતમાં ઉપલેટાના ડેપો મેનેજર રાજેશ ઠુમ્મર,આર્ટ.એ. મિકેનિક ધર્મેશ ગોંડલીયા અને હેલ્પર જેન્તીલાલ મહેમદાવાદીયા સહિત ત્રણને કરાયા સસ્પેન્ડ કરી દીધા હોવાનું સામે આવ્યું છે.

આ સમસ્ત બનાવની અંદર ખાનની વાત કઈક અલગ જ માલૂમ પડી રહી છે જેમાં આ અકસ્માતની સમગ્ર બાબત જાણી જોઈને અગાઉ પ્લાનિંગ કરીને બદનામ કરવા માટેની હોવાનું પણ સૂત્રો પાસેથી પ્રાપ્ત થયું છે અને આ આંતરિક વાદ-વિવાદ તેમજ યુનિયનના વિવાદો હોવાથી ટાર્ગેટ બનાવીને બાબતને વિરોધીઓ દ્વારા બદનામ કરવા માટેનું કારસ્તાન આચર્યું હોવાનું સૂત્રો પાસેથી માહિતી મળી છે ત્યારે આ બાબતમાં ઊંડાણપૂર્વક અને તટસ્થ તપાસ અને કાર્યવાહી થાય તો આ બાબતમાં કોણી બેદરકારી અને કોને આ જાણી જોઈને બદનામ કરવા માટે આચર્યું છે તે સામે આવી શકે છે ત્યારે આ બનાવમાં હાલ તો મગ નું નામ મારી પાડવા માટે સમગ્ર બાબત જાણી જોઈને બદનામ અને હેરાન કરવા માટે આચર્યુ હોવાનું એસ. ટી. કર્મચારીઓમાં પણ ચર્ચાઇ રહ્યું છે.

# મોરબીના કેરાળા(હરીપર) નજીક સીરામીક કારખાનામાં ટ્રક હેઠળ કચડાઈ જતા ૪ વર્ષના બાળકનું કમકમાટીભર્યું મોત

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકાના કેરાળા(હરીપર) ગામ નજીક આવેલ આઈકોલેક્સ સીરામીક્ના કારખાનામાં મધ્યપ્રદેશના શ્રમિક પરિવારના ૪ વર્ષના બાળક ટ્રક ટ્રેઈલરના આગળના વ્હીલ નીચે કચડાઈ જતા બાળકના માથાના અને મોઢાના ભાગે ગંભીર ઈજાઓ પહોચતા બાળકનું ઘટના સ્થળે કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું.

મળતી માહિતી અનુસાર મૂળ મધ્યપ્રદેશના બેગડી ગામના વતની દિલીપભાઇ ઇડીયાભાઇ ચૌહાણ ઉવ.૨૩ હાલ મોરબી તાલુકાના કેરાળા(હરીપર) ગામની સીમમાં આવેલ આઈકોલેક્સ સીરામીકના લેબર કોલોનીમાં રહી કારખાનાના માટીખાતામાં મજૂરી કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા હોય. ત્યારે ગત તા.૧૭/૦૨ના રોજ કારખાનાના માટીખાતામાં શ્રમિક પરિવાર મજૂરી કામ કરતો હોય તેનો દીકરો મયંક ઉવ.૪ સૂતો હોય ત્યારે ટ્રક ટ્રેઈલર રજી. આરજે-૦૯-જીસી-૬૮૩૩ ના ચાલકે પોતાનો ટ્રક પૂર ઝડપે ગફલતભરી રીતે ચલાવી દિલીપભાઈનો દીકરો મયંક ઉવ.૪ કે જે ત્યાં સૂતો હોય તેના ઉપર ટ્રકનું આગળનું વ્હીલ ફેરવી દેતા ૪ વર્ષના બાળકનો માથાનો ભાગ અને મોઢાનો ભાગ છૂંદાઇ જતા તેનું ઘટના સ્થળે કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. ત્યારે મૃતકના પિતા દ્વારા મોરબી તાલુકા પોલીસ મથકમાં ટ્રક ટ્રેઈલરના ચાલક સરાફતહુસૈન રહીમબક્ષ શાહ ઉવ-૪૮ રહે.ભાદસોડા તા.ભદ્રેસર જી.ચિતોડ રાજસ્થાન વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે તેની વિરુદ્ધ ગુનો દાખલ કરી આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# લૈયારા પાસે ટેન્કરમાંથી પેટ્રોલ-ડીઝલ કાઢવાનું કૌભાંડ ઝડપાયું



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર ધ્રોલ જામનગર-રાજકોટ ધોરીમાર્ગ પર ધ્રોલ નજીકના લૈયારા ગામ પાસે એક હોટલ સામેના સીમ વિસ્તારમાં ગઈકાલે સાંજે પેટ્રોલ-ડીઝલ ભરેલા એક ટેન્કરમાંથી પેટ્રોલ તથા ડીઝલના કેન ભરી રહેલા બે શખ્સને પકડી પાડવામાં આવ્યા છે. આઠ કેન, પેટ્રોલ તથા ડીઝલ ભરેલું ટેન્કર, એક મોટર મળી રૂા.૨૫ લાખ ઉપરાંતનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. સ્થળ પરથી ટેન્કરના ચાલક સહિત બે શખ્સ ઝડપાયા છે.જામનગર-રાજકોટ માર્ગ પર ધ્રોલથી આગળ આવેલા લૈયારા ગામ પાસે સોમનાથ હોટલની સામેના ભાગમાં એક ખેતરમાં જવાના રસ્તે ટેન્કર ઉભુ હોવાની અને તેમાંથી પેટ્રોલ કે ડીઝલ કાઢવામાં આવી રહ્યું હોવાની બાતમી મળતા ગઈકાલે સાંજે ધ્રોલ પોલીસ સ્ટેશનના સ્ટાફે તે સ્થળે દરોડો પાડ્યો હતો.ત્યાંથી એક ટેન્કર મળી આવ્યું હતું. તે ટેન્કરનું સીલ તોડી તેમાંથી પેટ્રોલ તથા ડીઝલ કાઢી લેવામાં આવતું હોવાનું જોવા મળ્યું હતું. પોલીસે સ્થળ પરથી ડીઝલ ભરેલા ચાર કેન, પેટ્રોલ ભરેલા પણ ચાર કેન તેમજ ટેન્કર અને આ સ્થળે તેની સાથે જ ઉભેલી એક મોટર મળી કુલ રૂા.૨૫,૮૫,૩૬૨નો મુદ્દામાલ કબ્જે કર્યો છે.આ જથ્થા સાથે જામનગર તાલુકાના સિક્કાની ગોકુલ પુરીમાં મારૂતીનગરમાં રહેતા દીપક રાજુભાઈ માનસુરીયા ઉર્ફે દિનેશ કોળી તથા ધ્રોલના જાલીયા માનસર ગામના રમેશ ઉર્ફે ભરત વાલજીભાઈ બેડીયા નામના બે શખ્સની ધરપકડ કરી છે. બંને સામે આઈપીસી ૨૮૫ તથા ૧૧૪ હેઠળ ધ્રોલ પોલીસ માં ગુન્હો રજીસ્ટર થયો છે.

# જામનગરમાંથી રૂ.૧૬.૮૬ લાખની વીજચોરી ઝડપાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરના જુદા-જુદા વિસ્તારોમાં વીજકંપનીની ટુકડીઓએ ચેકીંગ હાથ ધરી ૪૧૪ વીજ જોડાણની તપાસ કરી હતી. જેમાં ૫૦ જોડાણમાં ગેરરીતિ ખૂલતા વીજચોરી કરનાર આસામીઓને કુલ રૂ.૧૬.૮૬ લાખના દંડનીય બીલ ફટકારવામાં આવ્યા હતાં. હાલારમાં વીજકંપની દ્વારા પુનઃ કોર્પોરેટ ચેકીંગ ડ્રાઇવ શરૂ કરવામાં આવી છે. જે અંતર્ગત વીજતંત્રની ૩૮ ટીમ દ્વારા દરબારગઢ, ખંભાળિયા ગેટ, ભીમ વાસ નવાગામ, એમ પી શાહ ઉધોગનગર, શંકર ટેકરી સહિતના વિસ્તારોમાં ચેકીંગ કરાયું હતું. જે અંતર્ગત ૪૧૪ જોડાણ ચેક કરાયા હતાં. જેમાંથી ૫૦ વીજ કનેક્શનમાં ગેરરિતી પકડાતા વીજ ચોરી કરનાર આસામીઓને રૂ.૧૬.૮૬ લાખના દંડનીય બીલ ફટકારવામાં આવ્યા હતાં. વીજ ચેકીંગની કામગીરી દરમિયાન કોઇ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ૨૨ લોકલ પોલીસ, ૦૪ એસારપીના જવાનોએ ચુસ્ત બંદોબસ્ત જાળવ્યો હતો. વિજચેકીંગની કામગીરીનું રેકોર્ડીંગ કરવામાં આવ્યું હતું.



